| | | | |
|---|---|---|---|
| રજૂ તારીખ :– | ૦૪.૦૬.૨૦૨૪ | | |
| દાખલ તારીખ:– | ૦૪.૦૬.૨૦૨૪ | | |
| જજમેન્ટ તારીખ:– | ૦૯.૦૩.૨૦૨૬ | | |
| અવધિ:– | વર્ષ | માસ | દિન |
| | ૦૧ | ૦૯ | ૦૫ |
| આંક:– | ૩૨ | | |

**નામદાર સુપ્રિમ કોર્ટના *SUO MOTO WRIT(CRL) NO.(S) 1/2017* તથા ક્રિમીનલ મેન્યુઅલના ચેપ્ટર *VI* ના *179-A* અન્વયેના નોટીફીકેશન નં.સી–૨૦૦૧ –૯૩, તારીખ : ૨૦–૦૫–૨૦૨૨ ના ઠરાવેલ ૫ર્ફોમા મુજબ.**

***FORM-A***

**આહવાના જ્યુડીશીયલ મેજી. ફર્સ્ટ કલાસશ્રીની કોર્ટમાં, મુ.આહવા**

**શ્રી વાય.પી.યાદવ, જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ., આહવા.**

**(ચુકાદા તારીખ : ૦૯.૦૩.૨૦૨૬)**

**ક્રીમીનલ કેસ નં. ૯૪૨/૨૦૨૪**

| **એફ.આઈ.આર.ની વિગતો/ગુનો અને પોલીસ સ્ટેશન.** | |
|---|---|
| પોલીસ સ્ટેશન : | આહવા પોલીસ સ્ટેશન |
| ગુનો : | ઈ. પી. કોડની કલમ–૩૨૩,૫૦૪,૫૦૬(૨),૧૧૪ મુજબ |
| તહોમતનામા મુજબ તહોમત : | ઈ. પી. કોડની કલમ–૩૨૩,૫૦૪,૫૦૬(૨),૧૧૪ મુજબ |
| ફરિયાદી: | શ્રી સરકાર |
| વિ.એ.પી.પી.શ્રી : | શ્રી એસ. એચ. કોકણી |
| આરોપી/આરોપીઓ : | ૧. એબુબેન સુકીરાવભાઈ બરડે<br>ઉ.વ. ૬૦, ધંધો–ઘરકામ,<br>૨. દિલીપભાઈ સુકીરાવભાઈ બરડે<br>ઉ.વ. ૩૫, ધંધો–ખેતી,<br>૩. દિપકભાઈ સુકીરાવભાઈ બરડે<br>ઉ.વ. ૩૨, ધંધો–ખેતી,<br>૪. હનીફભાઈ સુકીરાવભાઈ બરડે<br>ઉ.વ. ૨૫, ધંધો–મજુરી,<br>તમામ રહે. ઢોલીઉંબર, તા. સુબીર, જી. ડાંગ |
| આરોપીઓ તરફે વિ.વ.શ્રી: | એચ. આર. ગાંગોડા |

***FORM-B***

| | |
|---|---|
| ગુનો બન્યા તારીખ : | ૦૮.૦૨.૨૦૨૪ |
| ફરિયાદની તારીખ : | ૦૮.૦૨.૨૦૨૪ |
| ચાર્જશીટની તારીખ : | ૦૪.૦૬.૨૦૨૪ |
| તહોમત ફરમાવ્યા તારીખ : | ૦૪.૦૭.૨૦૨૪ |
| પુરાવો શરૂ કર્યા તારીખ : | ૨૬.૦૭.૨૦૨૪ |
| ચુકાદો સંક્ષિપ્તમાં રાખ્યા તારીખ : | ૨૮.૦૨.૨૦૨૬ |
| ચુકાદા તારીખ : | ૦૯.૦૩.૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ જો હોય તો, | -- |

| આરોપી નંબર | આરોપીનું નામ | ધરપકડ ની તારીખ | જામીન ઉપર મુકત કરવામાં આવેલ હોય તો તેની વિગત | કયાં ગુનાનો આક્ષેપ છે ? | નિર્દોષ છોડવામાં આવ્યા છે કે કસુરવાર ? | શું સજા કરી ? | ક્રિ.પ્રો.કો. કલમ-૪૨૮ મુજબ ટ્રાયલ પડતર હોય તેવા સમય દરમિયાન કેટલો સમય કાચા કામના કેદી તરીકે રહેલા છે. |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | એબુબેન સુકીરાવભાઈ બરડે | ૧૨.૦૨. ૨૦૨૪ | કલમ-૪૧ (એ) નોટીસ આપી જામીન મુકત કરેલ છે. | ઈ. પી. કો. કલમ - ૩૨૩,૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબ | નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવેલ છે. | - | - |
| ૨. | દિલીપભાઈ સુકીરાવભાઈ બરડે | ૧૨.૦૨. ૨૦૨૪ | કલમ-૪૧ (એ) નોટીસ આપી જામીન મુકત કરેલ છે. | ઈ. પી. કો. કલમ - ૩૨૩,૫૦૪, ૫૦૬(૨),૧૧૪ મુજબ | નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવેલ છે. | - | - |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૩. | દિપકભાઈ સુકીરાવભાઈ બરડે | ૧૨.૦૨. ૨૦૨૪ | કલમ–૪૧ (એ) નોટીસ આપી જામીન મુકત કરેલ છે. | ઈ. પી. કો. કલમ – ૩૨૩,૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબ | નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવેલ છે. | – | – |
| ૪. | હનીફભાઈ સુકીરાવભાઈ બરડે | ૧૨.૦૨. ૨૦૨૪ | કલમ–૪૧ (એ) નોટીસ આપી જામીન મુકત કરેલ છે. | ઈ. પી. કો. કલમ – ૩૨૩,૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબ | નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવેલ છે. | – | – |

## ***FORM-C***

## ફરિયાદપક્ષ, બચાવપક્ષ અને કોર્ટના સાહેદોનું લીસ્ટ

### (એ) ફરિયાદપક્ષ તરફે

**ફરિયાદ પક્ષનો મૌખિક પુરાવા :**

| અ.નં. | વિગત | પુરાવાનો પ્રકાર | આંક |
|---|---|---|---|
| ૧ | કોઉભાઈ ઉર્ફે કાળુભાઈ સીતરભાઈ દેશમુખની જુબાની | ફરીયાદી | ૦૯ |
| ૨ | રમેશભાઈ બુધ્યાભાઈ માળવીશની જુબાની | પંચ સાહેદ | ૧૧ |
| ૩ | રાજુભાઈ રેશ્માભાઈ સિંધીની જુબાની | પંચ સાહેદ | ૧૩ |
| ૪ | જયેશભાઈ અશોકભાઈ ઉધારની જુબાની | સાહેદ | ૧૪ |
| ૫ | ભારજુબેન કોઉભાઈ ઉર્ફે કાળુભાઈ દેશમુખની જુબાની | સાહેદ | ૧૫ |
| ૬ | ગોપાળભાઈ સુકર્યાભાઈ ભુસારાની જુબાની | સાહેદ | ૧૬ |
| ૭ | સુનિતાબેન જયેશભાઈ ઉધારની જુબાની | સાહેદ | ૧૮ |
| ૮ | હસીન્દ્રભાઈ કાનુભાઈ બારીયાની જુબાની | સાહેદ | ૧૯ |
| ૯ | નવસુભાઈ બુધ્યાભાઈ દેશમુખની જુબાની | સાહેદ | ૨૦ |
| ૧૦ | સવિતાબેન રામસીંગભાઈ દેશમુખની જુબાની | સાહેદ | ૨૧ |

| | | | |
|---|---|---|---|
| ૧૧ | વાનુભાઈ મંજીભાઈ બારીયાની જુબાની | સાહેદ | ૨૩ |
| ૧૨ | શાંતીલાલ મનસુભાઈ પવારની જુબાની | તપાસ અધિકારી | ૨૫ |

**(બી) બચાવપક્ષે જો સાહેદ હોય તો,**

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| – | – | – |

**(સી) કોર્ટ સાહેદ જો હોય તો,**

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| – | – | – |

**ફરિયાદ પક્ષ તરફે આંકે પાડેલા દસ્તાવેજી પુરાવા :–**

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧ | અસલ ફરિયાદ | ૧૦ |
| ૨ | ગુનાવાળી જગ્યાનું પંચનામું | ૧૨ |

**બચાવપક્ષ તરફે આંકે પાડેલા દસ્તાવેજો :–**

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| – | – | – |

**કોર્ટ તરફે આંકે પાડેલા દસ્તાવેજી પુરાવા :–**

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| – | – | – |

**મુદ્દામાલની વિગત**

| અ.નં. | વિગત |
|---|---|
| – | – |

**-: JUDGEMENT :-**

૧. ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીઓએ એકબીજાની મદદગારીથી ગઈ તા. ૦૮/૦૨/૨૦૨૪ ના કલાક ૧૧/૩૦ વાગ્યાના સુમારે મોજે. ઢોલીઉંબર ગામે ફરીયાદીના ખેતીની જમીનમાં સર્વે નં. ૧૦૫ માં ફરીયાદી તથા તેમની પત્ની ભારજુબેનનાઓને ખેતીની જમીનના સર્વે નં. ૧૦૫ માં કેમ ખેતી કરશો તેમ જણાવી આ જમીન તો અમારા નામ પર છે અને જે જમીન અમોને સને ૨૦૨૦ માં સુબીર મામલતદારે અમોને આપેલ છે તેવી વાત કરી ફરીયાદીને તથા સાહેદ ભારજુબેનને નાલાયક ગાળો આપી ઢીકકા પાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી ગુનો કરેલ. આ બાબતની આરોપીઓ વિરુધ્ધ ફરિયાદીએ આહવા પોલીસ સ્ટેશન પાર્ટ એ ગુના રજીસ્ટર નંબર ૧૧૨૧૯૦૦૨૨૪૦૦૪૯/૨૦૨૪ થી આરોપી વિરુધ્ધ ઈ. પી. કોડની કલમ-૩૨૩, ૫૦૪, ૫૦૬(૨),૧૧૪ મુજબનો ગુનો દાખલ કરી, તપાસ કરનાર અમલદારે તપાસ કરી, પંચો રૂબરૂ પંચનામા કરી, લાગતા વળગતા સાહેદોના નિવેદનો નોંધી, તપાસના અંતે આ કામના આરોપીઓ વિરુધ્ધ ઈ. પી. કોડની કલમ-૩૨૩, ૫૦૪, ૫૦૬(૨),૧૧૪ મુજબ શિક્ષાને પાત્ર ગુનાનું આંક-૦૧ વાળું ચાર્જશીટ અત્રેની અદાલતમાં રજુ કરેલ છે.

૨. પોલીસ અહેવાલ રજુ થતાં, ફોજદારી કાર્યરીતી સંહીતા કલમ-૧૯૦(૧)(ખ) આધારે આરોપીઓ વિરૂધ્ધ ભારતીય દંડ સંહીતા કલમ-૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબના ગુન્હાઓ અંગેનું સંજ્ઞાન લઈ, કલમ-૨૦૪ અન્વયે સમન્સ કરતાં, આરોપીઓ હાજર થતાં, કલમ-૨૦૭ મુજબ પોલીસ અહેવાલ તથા અન્ય દસ્તાવેજોની નકલ મળી ગયા અંગેની ખાત્રી કર્યા બાદ, કલમ-૨૪૦ મુજબ વિગતવારનું તહોમતનામું આંક-૦૩ થી ફરમાવી, વાંચી સંભળાવતા સમજાવતા સદર ગુન્હા સંદર્ભે

આંક–૦૪ થી આંક–૦૭ સુધી જવાબ નોંધવામાં આવેલ જેમાં સદર ગુન્હા અંગે ઈન્કાર કરતાં, કલમ–ર૪ર મુજબ ફરિયાદ પક્ષના પુરાવા માટે તારીખ નિયત કરી કાયદા મુજબ ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

૩. સદર કામે ફરિયાદ પક્ષે રજૂ થયેલ મૌખિક પુરાવાના આધારે આરોપીઓનું ફોજદારી કાર્યરીતિ અધિનિયમ કલમ–૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે, જેમાં આરોપીઓએ ફરિયાદ પક્ષના પુરાવાને નકારી કાઢી બચાવના સાક્ષી તપાસેલા નથી કે જાતે સોગંદ પર પુરાવો આપેલ નથી અને વિશેષમાં અમો નિર્દોષ છીએ, અમો આરોપીઓ સામે ખોટો કેસ કરેલ છે. સાહેદ જયેશભાઈ ઘણાં ગંભીર ગુનાઓમાં સંડોવાયેલા છે અને તેઓ અન્ય લોકો પર પણ ઘણી ખોટી–ખોટી અરજીઓ પણ કરેલ છે અને સુનિતાબેન પણ આઈ.પી.સી.ની કલમ–૩૦૨ ના ગુનામાં જેલ ભોગવી આવેલ છે. આમ, જયેશભાઈ અને સુનિતાબેન ગુનાહિત ઈતિહાસ ધરાવે છે અને તેઓએ ફરીયાદીને ચઢામણી કરી અમો સામે ખોટી ફરીયાદ અપાવેલ છે અને અમો ઉપર ખોટો કેસ કરેલ છે તેવી હકિકત જણાવેલ છે.

૪. ત્યારબાદ પક્ષકારોની દલીલ સાંભળી. ફરિયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી ધ્વારા આ કામના આરોપીઓને સખ્તમાં સખ્ત સજા કરવા અરજ કરેલ છે. બચાવપક્ષ તરફે વિ.વકીલશ્રીનાએ આ કામના આરોપીઓ સામે ગુનો પુરવાર થતો ન હોય નિર્દોષ છોડી મુકવા અરજ ગુજારેલ છે.

૫. સદર કામે ફરિયાદપક્ષ તરફે રજૂ થયેલા દસ્તાવેજી તેમજ મૌખિક પુરાવા, ફરિયાદ પક્ષના કેસની હકીકતો, કાયદાકીય જોગવાઈઓ વગેરે ધ્યાને લઈ સદર કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**-: મુદ્દાઓ :-**

**મુદ્દા નં. ૧.** શું ફરિયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓએ એકબીજાની મદદગારીથી ગઈ તા. ૦૮/૦૨/૨૦૨૪ ના કલાક ૧૧/૩૦ વાગ્યાના સુમારે મોજે. ઢોલીઉંબર ગામે ફરીયાદીના ખેતીની જમીનમાં સર્વે નં. ૧૦૫ માં ફરીયાદી તથા તેમની પત્ની ભારજુબેનનાઓને ખેતીની જમીનના સર્વે નં. ૧૦૫ માં કેમ ખેતી કરશો તેમ જણાવી આ જમીન તો અમારા નામ પર છે અને જે જમીન અમોને સને ૨૦૨૦ માં સુબીર મામલતદારે અમોને આપેલ છે તેવી વાત કરી ફરીયાદીને તથા સાહેદ ભારજુબેનને નાલાયક ગાળો આપી ઢીકકા પાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી, ઈ. પી. કોડની કલમ-૩૨૩,૫૦૪,૫૦૬(૨),૧૧૪ મુજબ શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે ?

**મુદ્દા નં. ૨.** શું હુકમ ?

૬. ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો તેમજ તેના કારણો નીચે મુજબ છે.

**-: ન્યાયિક નિર્ણયો :-**

**મુદ્દા નં. ૧** નકારમાં

**મુદ્દા નં. ૨** આખરી હુકમ મુજબ.

**-:: કા ર ણો ::-**

**મુદ્દા નં. ૧ ::-**

**૭.** આ કામે વર્તમાન આરોપી વિરૂધ્ધ ફોજદારી કેસ છે, ત્યારે ફોજદારી ન્યાય શાસ્ત્રના મુળભુત સિધ્ધાંત મુજબ ફરિયાદ પક્ષે આરોપી સામેનો કેસ નિ:શંકપણે પુરવાર કરવાનો રહે છે અને જયાં સુધી આરોપી સામે ગુનો સાબિત ન થાય ત્યાં સુધી

તે નિર્દોષ છે તે રીતે અનુમાન કરવાનું રહે છે. વધુમાં ફરિયાદ પક્ષ આરોપી સામે જે આક્ષેપ સાબિત કરવા માંગતા હોય તે ફરિયાદપક્ષે તેના સકારાત્મક પુરાવાથી નિશંક પણે પુરવાર કરવાના રહે છે. આમ,આ કામે આરોપી સામે ભારતીય દંડ સંહીતાની કલમ–૩૨૩,૫૦૪,૫૦૬(૨),૧૧૪ મુજબના ગુનાનો આક્ષેપ છે, ત્યારે ફરિયાદ પક્ષે ઉપરોકત ગુનાના આવશ્યક તત્વો રેકર્ડ પરથી નિશંકપણે સાબિત કરવાના રહે છે, જે નીચે મુજબ છે.

**:- Essential Ingredients To Bring the Case Under Section 323 of the Indian Penal Code:-**

1. The accused caused bodily pain, disease or infirmity;
2. Such an act must be with the intention of causing hurt to any person, or with the knowledge that he is likely thereby to cause hurt to any person, and does thereby cause hurt to any person, is said "voluntarily to cause hurt".

**:- Essential Ingredients To Bring the Case Under Section 504 of Indian Penal Code:-**

(1) The accused insulted some person intentionally;
(2) The intention must be such as to give provocation to the person insulted; and
(3) The accused must intend or know that such provocation would cause the person to break the public peace or to commit an offence.

**:- Essential Ingredients To Bring the Case Under Section - 506(2) of the Indian Penal Code :-**

(1) Accused threatened a man with the injury to cause death or grievous hurt to his person, or to cause the destruction of any property by fire, or to cause an offence life, punishable or with with death imprisonment or for imprisonment a term which for may extend to seven years,

or to impute, unchastity to a woman or to the person, reputation, or property of another in whom the person was interested;

(2) The accused did so with intent to cause alarm to that person;

(3) To cause that person to do any act which he was not legally bound to do.

**:- Essential Ingredients To Bring the Case Under Section - 114 of the Indian Penal Code :-**

(1) There must be an abetment of offence

(2) The abettor was present at the time of commission of the abetted offence.

## -:ફરિયાદપક્ષનો પુરાવો અને તેનું મુલ્યાંકન:-

૮. આ કામે ફરિયાદ પક્ષે પોતાના કેસના સમર્થનમાં ફરિયાદી કોઉભાઈ ઉર્ફે કાળુભાઈ સીતરભાઈ દેશમુખને આંક-૦૯ થી તપાસવામાં આવેલ છે. આ ફરિયાદી તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, બનાવ તારીખ-૭ ના રોજ થયેલો. મહિનો મને ખબર નથી. પરંતુ આ વર્ષે ચોમાસાના સીઝનમા બનેલો. હુ સર્વે નંબર-૧૦૫ મા છીદણી કરવા ગયેલો ત્યારે આજરોજ નામ. કોર્ટમા ઉભા છે તે બધા જ ભેગા મળીને ત્યા આવીને મારી સાથે ઝગડો કરવા લાગેલા. કોર્ટમા ત્રણ ઈસમો ઉભા છે જેમા ત્રીજા નંબરે ઉભેલ ઈસમ પાસે કુહાડી હતી જેનાથી મને ધકેલતો હતો. કોર્ટમા ઉભેલ ત્રીજા નંબરના ઈશમને તેનુ નામ પુછતા હનીફભાઈ સુકીરાવભાઈ બરડે કે જેઓ હાલના કામે આરોપી નંબર-૪ છે. જેઓને ઓળખી બતાવેલ છે. તેઓ જમીન બાબતે ઝગડા કરતા હતા, આરોપીઓ કહેતા હતા કે, ''આ જમીનમા ખેતી કરતો નહી, તમારો બાપ આ જમીન અમોને આપીને ગુજરી ગયેલ છે.'' આથી મે તેઓને જણાવેલ કે , ''તમે જો પૈસા આપેલ હશે તો મને બોલાવવા જોઈતો હતો અને ગામના આગેવાનોને બોલાવવા જોઈતા હતા.'' પરંતુ આ કામના આરોપીઓ માનેલા નહી અને અમારી સાથે ઝગડો તકરાર કરેલ અને ધાક ધમકી આપવા લાગેલા. જેથી, અમોએ પો.સ્ટે.મા ફરીયાદ આપેલી.

મને અસલ ફરીયાદ બતાવવામા આવે છે તેમા મારો અંગુઠાનુ નિશાન છે જે હુ ઓળખી બતાવુ છુ. જે ફરીયાદને રજુ દાખલ આંક-૧૦ આપવામા આવે છે.

બચાવ પક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં ફરિયાદી કબુલ કરે છે કે, હુ અને આ કામના આરોપીઓ એક જ ગામના હોય હુ તેમને બનાવ પહેલાથી જ ઓળખુ છુ. આરોપીઓ મારી જોડે મારા મારી કરેલ નથી. મે મારી સરતપાસમા જણાવેલ કે તમે જો પૈસા આપેલ હશે તો મને બોલાવવા જોઈતો હતો અને ગામના આગેવાનોને બોલાવવા જોઈતા હતા, પરંતુ આ કામના આરોપીઓ માનેલા નહી તે મારી ફરીયાદમા લખાવેલ નથી. હુ અભણ છુ અને મને ગુજરાતી વાંચતા લખતા આવડતુ નથી. જયેશભાઈ અશોકભાઈ મારા જમાઈ થાય છે. પોલીસ સ્ટેશનમા આ જયેશભાઈ અશોકભાઈ જ મને લઈ ગયેલા હતા. મને વાંચતા લખતા આવડતુ ન હોય, ફરીયાદમા શુ લખેલ તેની મને ખબર નથી અને પોલીસવાળાઓએ મને ફરીયાદ વાંચી બતાવેલ નહી. સર્વે નંબર-૧૦૫ સીતરભાઈના નામે ચાલી આવેલ હતો. સર્વે નંબર-૧૦૫ મા વર્ષોથી અંબુબેનના ઓ ખેતી કરતા આવેલા છે. સાહેદ જણાવે છે કે આરોપીઓ અમોને ધમકાવતા હોય અમો ત્યા ખેતી કરવા જતા નહી. સર્વે નંબર-૧૦૫ બાબતે અંબુબેને સુબીર કોર્ટમા દાવો દાખલ કરેલ છે. બાકીના સૂચક સવાલોનો ફરિયાદીએ ઉલટતપાસમાં ઈન્કાર કરેલ છે.

૯. આ કામે ફરિયાદ પક્ષે સાહેદ જયેશભાઈ અશોકભાઈ ઉધારને આંક-૧૪ થી તપાસવામાં આવેલ છે. આ સાહેદ તેમની સોગંદ ઉપરની સરતપાસમાં જણાવે છે કે, ગઈ તા. ૭/૨/૨૦૨૪ ના રોજ મારા કાકા સસરા કાળુભાઈ ઉર્ફે કાઉભાઈ શીતરભાઈ દેશમુખ નાઓ તેની પત્ની સાથે પોતાના ખેતર સર્વે નંબર-૧૦૫ મા ઝાડોની છીદણી કરવા ગયેલા. તે સમયે એમુબેન સુકીરાવ બરડે, દિપક સુકીરાવ બરડે, દિલીપ સુકીરાવ બરડે તથા હનીફ સુકીરાવભાઈ બરડે નાઓ ખેતરમા આવીને મારા કાકા સસરા

તથા સાસુને કહેતા હતા કે આ ખેતર મામલતદાર સંજયભાઈ ચૌધરીનાઓએ અમને લખી આપેલ છે કે આ જમીન અમારી છે. જેથી, તમે આ ખેતરમાથી નીકળી જાવ. અને ત્યારબાદ આ લોકોએ મારા કાકા સસરા તથા સાસુ સાથે ઝગડો કરેલો અને એમુબેન અને હનીફભાઈ મારા કાકા સસરાને માર મારેલો. મારા સાસુને પણ કહેવા લાગેલ કે તારુ આ જમીનમાં કઈ લાગતુ વળગતુ નથી. આથી, મારી સાસુએ જણાવેલ કે મારુ હક નથી પરંતુ મારા ઘરવાળાનો તો હક છે. આ કામના આરોપી દિપકભાઈ સુકીરાવભાઈ અને દિલીપભાઈ ગ્રામપંચાયતમા સભ્ય છે અને સરપંચ અર્જુનભાઈ રહે–માળગા વાળા એમનો માણસો હોય આ કામના આરોપીઓ નવેમ્બર–૨૦૨૩ થી લગાતારા મારા કાકા સસરા તથા સાસુ સાથે ઝગડો કરતા આવેલ છે. જાન્યુઆરી–૨૦૨૪ ની ચોથી તારીખે હુ ગામના હેડપંપ પાસે પાણી ભરતો હતો ત્યારે દિલીપ સુકીરાવ બરડે તથા દિલીપ સુકીરાવ બરડે તથા તેમના બાપુજી સુકીરાવભાઈ બુધીયાભાઈ બરડેનાઓ હોન્ડા સાઈન મો.સા. પર આવી મારા સાથે પણ ઝગડો કરવા લાગેલા. આથી, મે જણાવેલ કે કાઉભાઈ મારા કાકા સસરા થાય છે અને એમની પત્ની મારી સાસુ થાય છે અને આ જમીન તેમની હોવાથી તેમને સહકાર આપવો એ કઈ ગુનો નથી. પરંતુ આ લોકોએ વધુ ઝગડો કરતા અમારે ૧૦૦ નંબર પર ફોન કરી, પોલીસ બોલાવવા પડેલ. આ સમયે સુબીર તાલુકાના પ્રમુખના પતિ સુનીલભાઈ ગામીત તથા સરપંચ અર્જુનભાઈનાઓ પણ ત્યા આવેલા અને અમોને સમજાવવા લાગેલા. આથી, મે જણાવેલ કે જેમની જમીન છે તેમને હક અપાવી દો, મારે આ વિવાદમા મારે કોઈ લેવા દેવા નથી પરંતુ મારી સાથે પણ આ લોકો ગાળાગાળી કરે છે.

–– આ તબકકે હાલના સાહેદ અત્રેની અદાલતમાં ગેરવર્તણુક કરેલ હોય તેઓને વિટનેશ બોક્ષમાંથી ઉતરી જવાની સુચના આપવામાં આવેલ. જેથી સદર સાહેદની બચાવ પક્ષે કોઈ ઉલટ તપાસ કરવામાં આવેલ નથી.

૧૦. આ કામે ફરિયાદ પક્ષે સાહેદ ભારજુબેન કોઉભાઈ ઉર્ફે કાળુભાઈ સીતરભાઈ દેશમુખને આંક–૧૫ થી તપાસવામાં આવેલ છે. આ સાહેદ તેમની સોગંદ ઉપરની સરતપાસમાં જણાવે છે કે, બનાવ આ વર્ષના ૭ મી તારીખે બનેલો. બનાવના આગલા દિવસે હુ અને મારા પતિ અમારા ખેતરમા છીદણી કરવા ગયેલા ત્યારે આ કામના આરોપીઓ ઝગડો કરવા આવતા અમો ઘરે જતા રહેલા. બીજા દિવસે મારા પતિ સાથે ખેતરમા છીદણી કરવા ગયેલા ત્યારે આ કામના આરોપીઓ બીજા દિવસે પણ આવેલા અને કહેવા લાગેલ કે આ તમારુ ખેતર નથી ચેબુબેન કહેતા હતા કે આ જમીન કલેકટર સાહેબે મને ખેતી કરવા માટે આપેલ છે. મને કહેતા હતા કે , ''તારે બોલવાનો હક નથી પરંતુ મે જણાવેલ કે મારા પતિનો હોવાથી મારો બોલવાનો હક છે.'' જેથી, આ ચેબુબેન ઝગડો કરતા મારી પાસે આવેલી. આ કામના આરોપીઓ કહેતા હતા કે આ જમીનમા પગ મુકશો તો તમારા હાથ પગ તોડી દાટી દઈશુ. ત્યારબાદ, આ કામના આરોપીઓ મારા પતિને ઢીકાપાટુનો માર મારવા લાગેલા અને કુહાડીના ડાંડાથી ધકેલતા કરતા હતા. આરોપીઓ કહેતા હતા કે આજ પછી જો આ જમીનમા પગ મુકશો તો તમને જાનથી મારી નાખીશુ. આથી મારા પતિ કોઉભાઈએ પોલીસમા ફરીયાદ આપેલી. પોલીસ વાળાએ આ બનાવ બાબતે મારો જવાબ લીધેલો. આરોપીઓને હુ ઓળખુ છુ. જેઓ આજરોજ કોર્ટમા હાજર છે તેઓ જ છે.

બચાવ પક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં સાહેદ કબુલ કરે છે કે, મે મારા પોલીસ રૂબરૂ નિવેદનમા લખાવેલ નથી કે ચેબુબેન કહેતા હતા કે આ જમીન કલેકટર સાહેબે મને ખેતી કરવા માટે આપેલ છે. આરોપીઓ સાથે મારા મારી થયેલ ન હતી પરંતુ આરોપીઓએ કુહાડી ડાંડાથી ધકેલતા હતા. હુ અભણ છુ. આરોપીઓ તથા ફરીયાદી વચ્ચે જમીન બાબતે વર્ષોથી ઝગડા ચાલે છે. હુ આરોપીઓને નામ સહિત ઓળખુ છુ. સાહેદ ધ્વારા હાજર આરોપીઓ પૈકી દિપક, દિલીપ, ચેબુબેન, ફિલીપ ના નામો જણાવેલ છે. બાકીના સુચક સવાલોનો સાહેદે ઉલટ તપાસમાં ઈન્કાર કરેલ છે.

**૧૧.** આ કામે ફરિયાદ પક્ષે સાહેદ ગોપાળભાઈ સુકર્યાભાઈ ભુસારાને આંક–૧૬ થી તપાસવામાં આવેલ છે. આ સાહેદ તેમની સોગંદ ઉપરની સરતપાસમાં જણાવે છે કે, બનાવ તારીખ મને ચોકકસ યાદ નથી પરંતુ ફરીયાદી અને આરોપીઓ વચ્ચે છેલ્લા ત્રણ વર્ષથી ઝગડો ચાલી આવેલ છે. કાળુભાઈ છીતરભાઈ દેશમુખ છે તે છીતરભાઈ નો પુત્ર છે. છીતરભાઈની બે પત્નીઓ હતી. છીતરભાઈ ગુજરી જતા આ એબુબેન છે તે છીતરભાઈની દીકરી કહેડાવે છે. પરંતુ એબુબેન ખરેખર ભાવસિંગભાઈની છોકરી છે. આમ, જમીન બાબતે ઝગડો થતા આ ઝગડા બાબતે પોલીસ કેસ થયેલ છે. કાળુભાઈ છીતરભાઈને આ કામના આરોપીઓ ખેતી કરવા દેતા ન હોય, આ બંને પક્ષો વચ્ચે ઝગડો થતો રહે છે.

બચાવ પક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં સાહેદ કબુલ કરે છે કે, મે મારા પોલીસ રૂબરૂ નિવેદનમા લખાવેલ નથી કે , '' છીતરભાઈની બે પત્નીઓ હતી. છીતરભાઈ ગુજરી જતા આ એબુબેન છે તે છીતરભાઈની દીકરી કહેડાવે છે.'' આ ઝગડો નજરો નજર જોયેલ નહી. હુ ફરીયાદી કાળુભાઈ ને નાનપણથી જ ઓળખુ છુ. ફરીયાદી કાળુભાઈ કાગરીયામાળ ગામના સખારામભાઈના પુત્ર છે. સખારામભાઈને કાગરીયાવાળ ગામે જમીન પણ આવેલી છે. જે જમીન બાબતે ઝગડો ચાલે છે તે જમીન ના માલિક છીતરભાઈ હતા. જે જમીન બાબતે ઝગડો ચાલે છે તે બાબતે અંબુબેને સુબીર કોર્ટમા દાવો દાખલ કરેલ છે. અંબુબેનને જમીનમા ભાગ આપવો નહી પડે તેથી કાળુભાઈ તથા તેના જમાઈ જયેશભાઈ આરોપીઓ પર ખોટી ખોટી અરજીઓ કરે છે. બાકીના સુચક સવાલોનો સાહેદે ઉલટ તપાસમાં ઈન્કાર કરેલ છે.

**૧૨.** આ કામે ફરિયાદ પક્ષે સાહેદ સુનિતાબેન જયેશભાઈ ઉધારને આંક–૧૮ થી તપાસવામાં આવેલ છે. આ સાહેદ તેમની સોગંદ ઉપરની સરતપાસમાં જણાવે છે કે, બનાવ તારીખ મને યાદ નથી. બનાવ સને–૨૦૨૪ મા થયેલો. બનાવ જમીન બાબત

પરથી થયેલો. આરોપીઓ કાયમ જમીન બાબતે લડાઈ ઝગડો કરતા હતા. આ જમીન મારા કાકાની છે. આ જમીનનુ નામ કે સર્વે નંબર મને ખબર નથી. બનાવના દિવસે એમુબેન અને સુકીરાવનાઓ આવેલા અને કહેતા હતા કે આ જમીન અમારી છે, ખરી હકીકતમા આ જમીન આરોપીઓની નથી પરંતુ મારા કાકાની જમીન છે. આરોપીઓ દારૂ પી ને રોજ ઝગડો કરવા આવતા હતા. આરોપીઓ કહેતા હતા કે તમે અહીથી નીકળી જાવ, તમારુ અહીયા કંઈ નથી. આ બનાવ બાબતે પોલીસ વાળાને બોલાવેલા, મારા પિતાજીએ પો.સ્ટે.મા ફરીયાદ આપેલ. પોલીસવાળાએ આ બનાવ બાબતે મારી પુછપરછ કરેલી.

બચાવ પક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસમાં સાહેદ કબુલ કરે છે કે, બનાવ સમયે હુ મારા ઘરે હતી. સાહેદ જણાવે છે કે હુ ઘરે હતી ત્યારે ગણેશ દારૂ પી ને આવેલો અને મને લાકડીથી મારેલી. બનાવ તમોએ નજરો નજર જોયેલ નથી તે સવાલન જવાબમાં સાહેદ જણાવે છે કે મને આંખેથી ઝાંખુ દેખાઈ છે તો કેવી રીતે જોઉ. બાકીના સુચક સવાલોનો સાહેદે ઉલટ તપાસમાં ઈન્કાર કરેલ છે.

**૧૩.** આ કામે ફરિયાદ પક્ષે સાહેદ હસીન્દ્રભાઈ કાનુભાઈ બારીયાને આંક–૧૯ થી તપાસવામાં આવેલ છે. આ સાહેદ તેમની સોગંદ ઉપરની સરતપાસમાં જણાવે છે કે, બનાવ બાબતે હુ કંઈ જાણતો નથી. હુ ફરીયાદી કોઉભાઈ ઉર્ફે કાળુભાઈ સીતરભાઈને ઓળખુ છુ પરંતુ તેઓનો કોની સાથે ઝઘડો થયેલ તેની મને ખબર નથી. સદર સાહેદ ફરીયાદપક્ષની હકિકતને સમર્થન કરતા ન હોઈ વિ.એ.પી.પી.શ્રી એ તેઓને હોસ્ટાઈલ જાહેર કર્યા બાદ તેઓએ કરેલ ઉલટ તપાસમાં સદર સાહેદ એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે હુ આ કામના આરોપીઓને ઓળખુ છુ. ફરીયાદી તથા આરોપીઓ અને હુ એક જ ગામના છે. ફરીયાદી તથા આરોપીઓ તથા અમારા ઘર એક જ ફળીયામાં છે. ફરીયાદી તથા આરોપીઓ વચ્ચે સર્વે નં. ૧૦૫ વાળી જમીન બાબતે તકરાર ચાલે છે.

બચાવ પક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસમાં સાહેદ કબુલ કરે છે કે, બનાવ બાબતે મને કોઈ જાત માહિતી નથી.

**૧૪.** આ કામે ફરિયાદ પક્ષે સાહેદ નવસુભાઈ બુધ્યાભાઈ દેશમુખને આંક–૨૦ થી તપાસવામાં આવેલ છે. આ સાહેદ તેમની સોગંદ ઉપરની સરતપાસમાં જણાવે છે કે, બનાવ કઈ તારીખે બનેલો તે મને ખબર નથી. બનાવ સમયે હુ ઘરે ન હતો તેથી મને ખબર નથી. સદર સાહેદ ફરીયાદપક્ષની હકિકતને સમર્થન કરતા ન હોઈ વિ.એ.પી.પી.શ્રી એ તેઓને હોસ્ટાઈલ જાહેર કર્યા બાદ તેઓએ કરેલ ઉલટ તપાસમાં સદર સાહેદ એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે હુ આ કામના ફરીયાદી કાળુ સીતર દેશમુખ તથા આ કામના આરોપીઓને ઓળખુ છુ.

બચાવ પક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસમાં સાહેદ કબુલ કરે છે કે, બનાવ બાબતે મને કોઈ જાત માહિતી નથી.

**૧૫.** આ કામે ફરિયાદ પક્ષે સાહેદ સવિતાબેન રામસીંગભાઈ દેશમુખને આંક–૨૧ થી તપાસવામાં આવેલ છે. આ સાહેદ તેમની સોગંદ ઉપરની સરતપાસમાં જણાવે છે કે, બનાવ બાબતે હુ કંઈ જાણતી નથી. ઝઘડાનો બનાવ બનેલ નથી. સદર સાહેદ ફરીયાદપક્ષની હકિકતને સમર્થન કરતા ન હોઈ વિ.એ.પી.પી.શ્રી એ તેઓને હોસ્ટાઈલ જાહેર કર્યા બાદ તેઓએ કરેલ ઉલટ તપાસમાં સદર સાહેદ એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે હુ આ કામના ફરીયાદી અને આરોપીઓને ઓળખુ છુ. ફરીયાદી તથા આરોપીઓ અને હુ એક જ ગામના છે. ફરીયાદી તથા આરોપીઓ તથા અમારા ઘર એક જ ફળીયામાં છે. ફરીયાદી તથા આરોપીઓ વચ્ચે સર્વે નં. ૧૦૫ વાળી જમીન બાબતે તકરાર ચાલે છે.

બચાવ પક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસમાં સાહેદ કબુલ કરે છે કે, બનાવ બાબતે મને કોઈ જાત માહિતી નથી.

**૧૬.** આ કામે ફરિયાદ પક્ષે સાહેદ વાનુભાઈ મંજીભાઈ બારીયાને આંક–૨૩ થી તપાસવામાં આવેલ છે. આ સાહેદ તેમની સોગંદ ઉપરની સરતપાસમાં જણાવે છે કે, બનાવમાં કંઈ બનેલુ નહી. બનાવ બાબતે મને કોઈ જાત માહિતી નથી. સદર સાહેદ ફરીયાદપક્ષની હકિકતને સમર્થન કરતા ન હોઈ વિ.એ.પી.પી.શ્રી એ તેઓને હોસ્ટાઈલ જાહેર કર્યા બાદ તેઓએ કરેલ ઉલટ તપાસમાં સદર સાહેદે ફરીયાદ પક્ષની હકિકતને સમર્થનકારી કોઈ વિગત જણાવેલ નથી.

બચાવ પક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસમાં સાહેદ કબુલ કરે છે કે, બનાવ બાબતે મને કોઈ જાત માહિતી નથી.

**૧૭.** આ કામે ફરીયાદ પક્ષે ત.ક.અમલદારશ્રી શાંતીલાલ મનસુભાઈ પવારને આંક–૨૫ થી તપાસવામાં આવેલ છે. આ ત.ક.અમલદારશ્રી તેમની સોગંદ ઉપરની સરતપાસમાં જણાવે છે કે, ગઈ તારીખ: ૮/૨/૨૦૨૪ ના રોજ હુ આહવા પો.સ્ટે. ખાતે એ.એસ.આઈ. તરીકે ફરજ પર હાજર હતો ત્યારે આહવા પો.સ્ટે.ના પી.એસ.ઓ. નાએ આહવા પો.સ્ટે. એ પાર્ટ ગુ. ર. નં : ૪૯/૨૦૨૪ ઈ.પી.કો.કલમ ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબનો ગુનો નોંધી આગળની તપાસ અમોને સોંપતા અમોએ આગળની તપાસ સંભાળી લીધેલી. ગુનાવાળી જગ્યાએ જઈ પંચોને સાથે રાખી ગુનાવાળી જગ્યાનુ પંચનામુ કરી લીધેલ. નજરે જોનાર તથા લાગતાવળગતા સાહેદોના તેમના જણાવ્યા મુજબના નીવેદનો નોંધેલા. આરોપીઓ સામે ગુનો બનતો હોય સી.આર.પી.સી. કલમ ૪૧ એ મુજબની નોટીસ આપતા આરોપીઓ આહવા પો.સ્ટે. હાજર થતા તેમના ચહેરા નીશાન પત્રક ભરી તેમના નીવેદનો લઈ નામ. કોર્ટમાં

થી નોટીસ મળ્યે ના.કોર્ટમા હાજર રહેવા સમજ કરેલ. આરોપીઓ સામે પુરતા પુરાવા પડતા આરોપીઓને ના.કોર્ટમા ચાર્જશીટ સાથે રજુ કરેલા. આરોપીઓ ને જોયેથી ઓળખુ છુ જે આજરોજ ના.કોર્ટમા હાજર છે તે જ છે. આરોપીઓ પૈકી આરોપી નં ૧ ના.કોર્ટમા ગેરહાજર હોય બચાવ પક્ષે ઓળખ બાબતની તકરાર નથી.

બચાવ પક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસમાં ત.ક.અમલદારશ્રી કબુલ કરે છે કે, બનાવવાળા અરસામાં હુ ચીખલી ઓ.પી. ખાતે ફરજ બજાવતો હતો. ફરીયાદીની ફરીયાદ મે આહવા પો.સ્ટે.માં લીધેલી. ફરીયાદીની ફરીયાદ મારા રૂબરૂની છે અને તપાસ પણ મે જ કરેલી. મારી તપાસ દરમ્યાન મે ફરીયાદીનુ વિશેષ નિવેદન લીધેલ નથી. ફરીયાદીએ તેમની ફરીયાદમાં એ વાત લખાવેલ નથી કે ''આ કામના આરોપી નં. ૪ હનીફભાઈના હાથમાં કુહાડી હતી જેનાથી મને ધકેલતો હતો.'' સાહેદ સુનીતાબેન જયેશભાઈનાએ તેમના પોલીસ રૂબરૂ નિવેદનમાં લખાવેલ નથી કે, ''જમીન મારા કાકાની છે અને આરોપીઓ દારૂ પીને રોજ ઝગડો કરવા આવતા હતા તથા આરોપીઓ કહેતા હતા કે તમે અહીંથી નીકળી જાવ, તમારુ અહીયા કંઈ નથી. સાહેદ સુનીતાબેને તેમના પોલીસ રૂબરૂના નિવેદનમાં લખાવેલ નથી કે તેઓ ઘરે હતા ત્યારે ગણેશ દારૂ પી ને આવેલો અને તેમને લાકડીથી મારેલી. ફરીયાદી કાળુભાઈએ દવાખાનામાં કોઈ પણ જાતની સારવાર લીધી નથી. ફરીયાદી તેમની ફરીયાદ લખાવવા જમાઈ જયેશભાઈ સાથે પો.સ્ટે. આવેલા. મે મારી તપાસ દરમ્યાન કોઈ મુદ્દામાલ કબજે લીધેલ નથી. જયેશભાઈ પર પો.સ્ટે.માં અગાઉ ઘણા ગુન્હાઓ નોંધાયેલા હતા તે હકીકત મારી તપાસ દરમ્યાન ખુલેલી. આરોપીઓ અને ફરીયાદી વચ્ચે જમીન બાબતે વર્ષોથી ઝઘડો ચાલે છે તે હકિકત મારી તપાસ દરમ્યાન ખુલેલી. આરોપી નં. ૧ અંબુબેન ફરીયાદી સામે સુબીર કોર્ટમાં જમીન બાબતે દાવો કરેલ છે તે હકિકત મારી તપાસ દરમ્યાન ખુલેલી. બાકીના સુચક સવાલોનો સાહેદે ઉલટ તપાસમાં ઈન્કાર કરેલ છે.

૧૮. વધુમાં, ફરીયાદ પક્ષે આંક–૧૧ અને આંક–૧૩ થી ગુનાવાળી જગ્યાના પંચનામાના પંચો અનુક્રમે રમેશભાઈ બુધ્યાભાઈ માળવીશ અને રાજુભાઈ રેશ્માભાઈ સિંધીને સોગંદ ઉપર તપાસેલા છે. તેઓ હોસ્ટાઈલ જાહેર થયેલા છે અને તેઓએ આંક–૧૨ વાળા પંચનામાની હકીકતને કોઈ રીતે સમર્થન આપેલ નથી. આમ આંક–૧૧ અને આંક–૧૩ વાળા પંચોની જુબાનીથી આંક–૧૨ વાળુ ગુનાવાળી જગ્યાનુ પંચનામું પુરવાર થતું નથી. સદર પંચ સાહેદો આ કામે આંક–૧૨ થી રજુ થયેલ તૈયાર પંચનામામાં પોતાની સહી હોવાનુ કબુલ રાખે છે તે સિવાય તેઓ કોઈ વિગત જાણતા ન હોવાનુ સ્વીકારેલ છે.

૧૯. આ કામના આરોપીઓ ઉપર ઈ.પી.કો. કલમ–૩૨૩,૧૧૪ મુજબના ગુનાનો આરોપ છે તે બાબતે રેકર્ડ પરનો પુરાવો જોવામાં આવે તો આ કામે આંક–૦૯ થી તપાસેલ ફરીયાદી પોતાની જુબાનીમાં જણાવે છે કે બનાવ સમયે તેઓ સર્વે નં. ૧૦૫ માં છીંદણી કરવા ગયેલા ત્યારે આરોપીઓ આવીને તેઓની સાથે ઝઘડો કરેલ અને એક ઈસમે કુહાડીથી તેઓને ધકેલતા હોવાનુ અને આરોપીઓ આ જમીનમાં ખેતી કરતો નહી, તમારો બાપ આ જમીન અમોને આપીને ગુજરી ગયેલ છે જે બાબતની તેઓએ ફરીયાદ આપેલાનુ જણાવે છે પરંતુ ઉલટ તપાસમાં ફરીયાદ તેમના જમાઈ જયેશભાઈના કહેવાથી આપેલી અને સદર ફરીયાદમાં શુ લખેલ હોય તેની તેઓને ખબર ન હોવાનુ સ્વીકારેલ છે તથા આરોપીઓએ મારી જોડે મારા મારી કરેલ ન હોવાનુ સ્વીકારેલ છે. આંક–૧૫ થી તપાસેલ સાહેદ ભારજુબેન દેશમુખ કે જેઓ ફરીયાદીના પત્ની થાય છે અને બનાવ સમયે તેઓ હાજર હતા અને તેઓ પોતાની જુબાનીમાં બનાવમાં આરોપીઓએ તેમના પતિને ઢીકાપાટુનો માર મારેલ અને કુહાડીના ડાંડાથી ધકેલતા હોવાનુ જણાવેલ પરંતુ ઉલટ તપાસમાં આરોપીઓ સાથે મારામારી થયેલ ન હતી પરંતુ કુહાડીના ડંડાથી ધકેલતા હોવાનુ સ્વીકારેલ છે તે સિવાય અવી કોઈ

હકિકત રેકર્ડ ઉપર આવેલ નથી કે આ કામના આરોપીઓએ એકબીજાની મદદગારીથી ફરીયાદીને સ્વેચ્છાએ વ્યથા પહોંચાડેલ હોય. વધુમાં આ કામે આંક–૧૪ થી તપાસેલ સાહેદ કે જેઓ ફરીયાદીના જમાઈ થાય છે તેઓ પોતાની જુબાનીમાં આરોપીઓએ તેમની સાથે ઝઘડો કરેલાની હકિકત જણાવે છે તે સિવાય તેઓ એવી કોઈ હકિકત જણાવતા નથી કે જેથી આ કામના આરોપીઓએ ફરીયાદીને સ્વેચ્છાએ વ્યથા પહોંચાડેલ હોય. આ કામે આંક–૧૬ થી તપાસેલ સાહેદ ગોપાળભાઈ ભુસારા તથા આંક–૧૮ થી તપાસેલ સાહેદ સુનિતાબેન ઉધારનાઓએ બનાવ સમયે તેઓ હાજર ન હોવાથી સદર બનાવ તેઓએ નજરે જોયેલ ન હોવાનુ સ્વીકારેલ છે તથા આ કામે આંક–૧૯, ૨૦, ૨૧ તથા ૨૩ થી તપાસેલ સાહેદો ફરીયાદપક્ષના કેસમાં જરૂરી સમર્થન પુરા પાડતા ન હોય તેઓને હોસ્ટાઈલ જાહેર કરવામાં આવેલા છે. આમ, આ કામે માત્ર ફરીયાદીની જુબાની ઉપર આધાર રાખવાનો રહે છે. ફરીયાદી પોતાની જુબાનીમાં માત્ર એમ જણાવે છે કે આરોપીઓએ ભેગા મળીને તેઓની સાથે ઝઘડો તકરાર કરેલ. જે બાબતે તેઓએ કોઈ સારવાર લીધેલ હોય તેવો રેકર્ડ ઉપર કોઈ પુરાવો જોવા મળતો નથી. ઈ.પી.કોડની કલમ–૩૨૩ હેઠળના આવશ્યક તત્વો પુરવાર કરવા માટે દરેક કેસમાં મેડીકલ એવીડન્સ હોવો જરૂરી નથી અને મેડીકલ રીપોર્ટ વગર આરોપીને ઈ.પી.કોડની કલમ–૩૨૩ ના ગુનામાં સ્વેચ્છાએ સાદી વ્યથા કરવા બદલ તકસીરવાન ઠરાવી શકાય છે. હાલના કામે રેકર્ડ ઉપર એવો કોઈ ચોકકસ પુરાવો જોવા મળતો નથી કે આ કામના આરોપીઓએ એકબીજાની મદદગારીમાં આ કામના ફરીયાદી ને સ્વેચ્છાએ સાદી ઈજા કરેલ હોય. વધુમાં રેકર્ડ ઉપર એવી હકિકત આવેલ છે કે ફરીયાદી અને આરોપીઓ વચ્ચે જમીન બાબતે વર્ષોથી ઝઘડો ચાલેલ હોવાનુ અને આરોપી નં. ૧ એબુબેને ફરીયાદી સામે સુબીર કોર્ટમાં જમીન બાબતે દાવો કરેલ હોવાનુ તપાસ દરમ્યાન ખુલેલ હોવાનુ ત.ક.અમલદારશ્રી પોતાની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે. આ સંજોગોમાં આ કામે આંક–૧૯, ૨૦, ૨૧ તથા ૨૩ થી

તપાસેલ સાહેદોની સમર્થનકારી જુબાનીના અભાવે તેમજ આ કામે આંક–૦૯ થી તપાસેલ ફરીયાદી તથા આંક–૧૫ થી તપાસેલ સાહેદ ભારજુબેનની જુબાનીના આધારે આ કામના આરોપીને તકસીરવાન ઠરાવવુ ન્યાયોચીત જણાતુ નથી.

**૧૯.૧** વધુમાં, કાયદાનો સ્થાપિત સિધ્ધાંત છે કે, ઈજા પામેલ વ્યકિતની જુબાની ન માનવાને કોઈ કારણ રહેતુ નથી, સિવાય કે, ઈજા પામનાર વ્યકિત અને આરોપી વચ્ચે એવી દુશ્મનાવટ હોય કે જેનાથી ઈજા પામનાર વ્યકિત આરોપીને ગુન્હામાં ખોટો સંડોવતી હોય અથવા રેકર્ડ ઉપરના પુરાવા તથા સંજોગો ઉપરથી ઈજા પામનારની જુબાનીને ન માનવાને કારણ હોય. આરોપીએ તેની દુશ્મનાવટના કારણે તેને ખોટો સંડોવેલ છે તેવો આધાર રેકર્ડ ઉપરના પુરાવા પરથી અદાલતને બતાવવો જોઈએ. વધુમાં ઈજા પામનાર સાહેદની જુબાની સંપુર્ણ રીતે ન માનવાને કોઈ કારણ રહેતુ નથી, સિવાય કે, કેસના સંજોગો એવા હોય જેથી આ અદાલત આરોપીની ખોટો સંડોવણી બાબતે સંમત થાય અથવા તો, સાહેદની જુબાની રેકર્ડ પરના પુરાવાઓ પરથી ન માનવાને કારણ હોય. વધુમાં નામ.સર્વોચ્ચ અદાલતે ઈજા પામનાર સાહેદની જુબાની બાબતે ''ભજનસીંગ વિરૂધ્ધ સ્ટેટ ઓફ હરિયાણા'' જે એ.આઈ.આર. ૨૦૧૧ સુ.કો. પાન નં. ૨૫૫૨ ના ચૂકાદાના પેરા–૨૧ માં એમ ઠરાવેલ છે કે,

> ''The evidence of the stamped witness must be given due weightage as his presence on the place of occurrence cannot be doubted. His statement is generally considered to be very reliable and it is unlikely that he has spared the actual assailant in order to falsely implicate someone else. The testimony of an injured witness has its own relevancy and efficacy as he has sustained injuries at the time and place of occurrence and this lends support to his testimony that he was present at the time of occurrence. Thus, the testimony of an

injured witness is accorded a special status in law. Such a witness comes with built-in guarantee of his presence at the scene of the crime and is unlikely spare his actual assailant in order to falsely implicate someone. Convincing evidence is required to discredit an injured witness. Thus the evidence of an injured witness should be relied upon unless there are grounds for the rejection of his evidence on the basis of **major** contradiction and discrepancies therein.''

વધુમાં નામ.સર્વોચ્ચ અદાલતે ''બાલુ સુદામ ખલદે વિ. સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર'' 2023 SCC OnLine SC 355 તથા એ.આઈ.આર. ૨૦૨૩ એસ.સી. ૧૭૩૬ માં ચુકાદાના પેરા ૨૬ તથા ૨૭ માં એમ ઠરાવેલ છે કે,

**26.** When the evidence of an injured eye-witness is to be appreciated, the under-noted legal principles enunciated by the Courts are required to be kept in mind:

(a) The presence of an injured eye-witness at the time and place of the occurrence cannot be doubted unless there are material contradictions in his deposition.

(b) Unless, it is otherwise established by the evidence, it must be believed that an injured witness would not allow the real culprits to escape and falsely implicate the accused.

(c) The evidence of injured witness has greater evidentiary value and unless compelling reasons exist, their statements are not to be discarded lightly.

(d) The evidence of injured witness cannot be doubted on account of some embellishment in natural conduct or minor contradictions.

(e) If there be any exaggeration or immaterial embellishments in the evidence of an injured witness, then such contradiction, exaggeration or embellishment should be discarded from the evidence of injured, but not the whole evidence.

(f) The broad substratum of the prosecution version must be taken into consideration and discrepancies which normally creep due to loss of memory with passage of time should be discarded.

**27.** In assessing the value of the evidence of the eyewitnesses, two principal considerations are whether, in the circumstances of the case, it is possible to believe their presence at the scene of occurrence or in such situations as would make it possible for them to witness the facts deposed to by them and secondly, whether there is anything inherently improbable or unreliable in their evidence. In respect of both these considerations, circumstances either elicited from those witnesses themselves or established by other evidence tending to improbabilise their presence or to discredit the veracity of their statements, will have a bearing upon the value which a Court would attach to their evidence. Although in cases where the plea of the accused is a mere denial, the evidence of the prosecution witnesses has to be

examined on its own merits, where the accused raise a definite plea or put forward a positive case which is inconsistent with that of the prosecution, the nature of such plea or case and the probabilities in respect of it will also have to be taken into account while assessing the value of the prosecution evidence.

ઉપરોકત ચર્ચા કરેલ ચુકાદા મુજબ રેકર્ડ ઉપર એવો કોઈ સ્પષ્ટ પુરાવો જોવા મળતો નથી કે જેથી આ કામના આરોપીઓએ એકબીજાની મદદગારીમાં સ્વેચ્છાએ આ કામના ફરીયાદીનાઓને સાદી વ્યથા કરી ઈ.પી.કોડની કલમ–૩૨૩, ૧૧૪ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે.

**૨૦.** વધુમાં આ કામના આરોપીઓ ઉપર ઈ.પી.કોડની કલમ–૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબના ગુનાનો આરોપ છે તે બાબતે રેકર્ડ પરનો પુરાવો જોવામાં આવે તો આ કામે આંક–૦૯ થી તપાસેલ ફરીયાદી પોતાની જુબાનીમાં એમ જણાવે છે કે બનાવમાં આરોપીઓએ તેઓને ધાક ધમકી આપેલ તથા આંક–૧૫ થી તપાસેલ સાહેદ ભારજુબેન પોતાની જુબાનીમાં આ જમીનમાં પગ મુકશો તો તમારા હાથ પગ તોડી દાટી દઈશુ તથા જાનથી મારી નાખવાની ધમકી આપેલી, તે સિવાય તેઓ એવી કોઈ હકિકત રેકર્ડ ઉપર આવેલ નથી કે ફરીયાદીના મનમાં વ્યાજબી ભય ઉભો થયેલ હોય કે સદર ઉચ્ચારણના કારણે ફરીયાદી તથા સાહેદ જાહેર સુલેહ શાંતિનો ભંગ કરવા પ્રેરાયેલ હોય. જેથી આ કામના આરોપીઓને ઈ.પી.કોડની કલમ–૫૦૪, ૫૦૬(૨) તથા ૧૧૪ હેઠળ તકસીરવાન ઠરાવી શકાય નહિ. વધુમાં નામ.ગુજરાત વડી અદાલતે ''પ્રવિણભાઈ બેચરભાઈ વણકર વિ.સ્ટેટ ઓફ ગુજરાત ૨૦૦૭(૧) જી.એલ.એચ.પાના નં.૩૭૭ ના ચુકાદામાં એમ ઠરાવેલ છે કે,

"In order to convict an accused under Section-504 of Indian Penal Code, the actual word used by the accused

must be brought on record by the prosecution from the mouth of the witness. The insult envisaged by Section-504 must not only be intentional but also thereby must give provocation to person insulted to breach public peace or to commit any other offence. So far as to the Section-506 is concerned, the threat as contemplated in Section-506 must cause alarm in the mind of person so threatened".

આમ આ કામે રેકર્ડ ઉપરનો પુરાવો જોતાં ઈ.પી.કોડની કલમ–૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ હેઠળનો ગુનો પુરવાર કરવા માટે સદર ચુકાદામાં ઠરાવેલ હકિકતો રેકર્ડ ઉપર આવેલ ન હોય ફરીયાદપક્ષ આ કામે આરોપીઓ વિરૂધ્ધ ઈ.પી.કોડની કલમ–૫૦૪, ૫૦૬(૨),૧૧૪ હેઠળનો ગુનો પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ છે તેમ ગણી શકાય.

**૨૧.** વધુમાં રેકર્ડ પરનો પુરાવો જોતા આ કામના આરોપીઓએ કહેવાતો ગુનો કરેલ છે તેવી શંકા ઉદ્‌ભવે છે પરંતુ કાયદાનો એ સ્થાપિત સિધ્ધાંત છે કે શંકા ગમે તેટલી મજબુત હોય તો પણ તે કાનૂની પુરાવાનું સ્થાન લઈ શકે નહીં. વધુમાં ભારતમાં પ્રવર્તમાન ફોજદારી ન્યાયશાસ્ત્રના સિધ્ધાંત મુજબ પ્રોસીકયુશને પોતાનો કેસ આરોપીઓ વિરૂધ્ધ નિ:શંકપણે પુરવાર કરવાનો હોય છે અને પ્રોસીકયુશન કેસમાં રહેલ વાજબી શંકાનો લાભ આરોપીઓની તરફેણમાં આપવાનો હોય છે. વધુમાં રેકર્ડ પરના પુરાવાઓ પરથી એક બાજુ એમ જણાય આવતુ હોય કે આરોપીઓએ કહેવાતો ગુનો કરેલ છે તથા બીજી બાજુ એમ જણાય આવતું હોય કે આરોપીઓએ ગુનો કરેલ નથી ત્યારે તેવા સંજોગોમાં પ્રોસીકયુશને પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરેલ છે તેમ કહી શકાય નહીં. જેથી ફરીયાદપક્ષમાં રહેલ તે શંકાનો લાભ આરોપીઓની તરફેણમાં આપવાનો હોય છે. વધુમાં નામ.સર્વોચ્ચ અદાલતે ''કૈલાશ ગોર વિ.સ્ટેટ ઓફ આસામ'' જે એ.આઈ.આર.૨૦૧૨ એસસી પાના નં. ૭૮૬ ના ચુકાદાના પેરા ૨૮ માં એમ ઠરાવેલ

છે કે,

> “It is one of the fundamental principles of criminal jurisprudence that an accused is presumed to be innocent till he is proved to be guilty. It is equally well settled that suspicion howsoever strong can never take the place of proof. There is indeed a long distance between accused 'may have committed the offence' and 'must have committed the offence' which must be traversed by the prosecution by adducing reliable and cogent evidence. Presumption of innocence has been recognised as a human right which cannot be wished away. See Narendra Singh and Anr. v. State of M.P. (2004) 10 SCC 699 : (AIR 2004 SC 3249) and Ranjitsingh Brahmajeetsingh Sharma v. State of Maharashtra and Ors. (2005) 5 SCC 294 : (AIR 2005 SC 2277). To the same effect is the decision of this Court in Ganesan v. Rama Raghuraman and Ors. (2011) 2 SCC 83 : (AIR 2011 SC (Cri) 419) where this Court observed: "Every accused is presumed to be innocent unless his guilt is proved. The Presumption of innocence is human right. Subject to the statutory exceptions, the said principle forms the basis of criminal jurisprudence in India”.

**૨૧.૧** વધુમાં નામ.સર્વોચ્ચ અદાલતે “Digamber Vaishnav v. State of Chhattisgarh” જે (2019) 4 SCC 522 માં પ્રસિધ્ધ થયેલ છે તેના પેરા ૧૪ તથા ૧૯ માં એમ ઠરાવેલ છે કે,

> **14.** One of the fundamental principles of criminal jurisprudence is undeniably that the burden of proof squarely rests on the prosecution and that the general burden never shifts. There can be no conviction on the basis of surmises and conjectures or suspicion

howsoever grave it may be. Strong suspicion, strong coincidences and grave doubt cannot take the place of legal proof. The onus of the prosecution cannot be discharged by referring to very strong suspicion and existence of highly suspicious factors to inculpate the accused nor falsity of defence could take the place of proof which the prosecution has to establish in order to succeed, though a false plea by the defence at best, be considered as an additional circumstance, if other circumstances unfailingly point to the guilt.

**19.** It is also well-settled principle that in criminal cases, if two views are possible on evidence adduced in the case, one binding to the guilt of the accused and the other is to his innocence, the view which is favourable to the accused, should be adopted. This principle has a special relevance in cases wherein the guilt of the accused is sought to be established by circumstantial evidence [see Kali Ram v. State of H.P. [Kali Ram v. State of H.P., (1973) 2 SCC 808 : 1973 SCC (Cri) 1048] ].

આમ, રેકર્ડ ઉપર રજુ થયેલ સમગ્ર મૌખિક અને દસ્તાવેજી પુરાવો તથા અત્રેની અદાલત સમક્ષ કરવામાં આવેલી વિ.વ.શ્રીઓની તાર્કિક, વૈધાનિક અને ભારપૂર્વકની દલીલોને લક્ષમાં લેતા ઉપરોકત પુરાવાનુ મુલ્યાંકન અને સમીક્ષાના અંતે, બનાવની તારીખે સમયે અને સ્થળે આ કામના આરોપીઓએ એકબીજાની મદદગારીથી ફરીયાદીના ખેતીની જમીનમાં સર્વે નં. ૧૦૫ માં ફરીયાદી તથા તેમની પત્ની ભારજુબેનનાઓને ખેતીની જમીનના સર્વે નં. ૧૦૫ માં કેમ ખેતી કરશો તેમ જણાવી આ જમીન તો અમારા નામ પર છે અને જે જમીન અમોને સને ૨૦૨૦ માં સુબીર મામલતદારે અમોને આપેલ છે તેવી વાત કરી ફરીયાદીને તથા સાહેદ ભારજુબેનને નાલાયક ગાળો આપી ઢીકકા પાટુનો માર મારી જાનથી મારી નાખવાની

ધમકી આપી ઈ.પી.કોડની કલમ–૩૨૩,૫૦૪,૫૦૬(૨) સાથે વાંચતા ૧૧૪ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ હોવાનુ ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરી શકેલ ન હોય તેથી મુદ્દા નં. ૧ નો નિર્ણય નકારમાં આપી મુદ્દા નં. ૨ પરત્વે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–::આખરી હુકમ::–**

૧. આ કામના આરોપીઓ ૧. એબુબેન સુકીરાવભાઈ બરડે ૨. દિલીપભાઈ સુકીરાવભાઈ બરડે ૩. દિપકભાઈ સુકીરાવભાઈ બરડે ૪. હનીફભાઈ સુકીરાવભાઈ બરડે, તમામ રહે. ઢોલીઉંબર, તા. સુબીર, જી. ડાંગનાઓને ક્રિ. પ્રો. કોડની કલમ–૨૪૮(૧) અન્વયે ઈ.પી.કોડની કલમ–૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ હેઠળ શિક્ષાને પાત્ર ગુના સબબ શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આ કામના દરેક આરોપીએ ક્રી.પ્રો.કો.ની કલમ–૪૩૭(એ) અન્વયે અપીલ કોર્ટમાં હાજર રહેવાની બાહેંધરી માટે વધુ છ માસ માટે રૂા. ૧૫,૦૦૦/– (અંકે રૂપિયા પંદર હજાર) પુરાના સધ્ધર જામીન તથા તેટલી જ રકમનાં જાતમુચરકા કરી આપવા.

**<u>ચુકાદો</u> :–** આજ રોજ તા. **૦૯ મી,** માહે **માર્ચ,** સને **૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ:– ૦૯.૦૩.૨૦૨૬
આહવા.

**(યાદવેન્દ્ર પ્રણવીરસિંહ યાદવ)**
જ્યુડી. મેજી. ફર્સ્ટ કલાસ,
આહવા.
(UI Code: GJ01729)

(એસ.આઈ.મનસુરી. પી.એ.)

નામદાર સર્વોચ્ચ અદાલતના MANOJBHAI JETHABHAI PARMAR (ROHIT) VERSUS STATE OF GUJARAT CRIMINAL APPEAL NO(S). 2973 of 2023

ચુકાદામાં નિર્દેશિત ટેબ્યુલેટેડ ચાર્ટસ નીચે મુજબ છે :

## Witnesses Examined

### (A.) Prosecution Witness

| Prosecution Witness No. | Name of Witness | Description |
|---|---|---|
| ૧ | કોઉભાઈ ઉર્ફે કાળુભાઈ સીતરભાઈ દેશમુખની જુબાની | ફરીયાદી |
| ૨ | રમેશભાઈ બુધ્યાભાઈ માળવીશની જુબાની | પંચ સાહેદ |
| ૩ | રાજુભાઈ રેશ્માભાઈ સિંધીની જુબાની | પંચ સાહેદ |
| ૪ | જયેશભાઈ અશોકભાઈ ઉધારની જુબાની | સાહેદ |
| ૫ | ભારજુબેન કોઉભાઈ ઉર્ફે કાળુભાઈ દેશમુખની જુબાની | સાહેદ |
| ૬ | ગોપાળભાઈ સુકર્યાભાઈ ભુસારાની જુબાની | સાહેદ |
| ૭ | સુનિતાબેન જયેશભાઈ ઉધારની જુબાની | સાહેદ |
| ૮ | હસીન્દ્રભાઈ કાનુભાઈ બારીયાની જુબાની | સાહેદ |
| ૯ | નવસુભાઈ બુધ્યાભાઈ દેશમુખની જુબાની | સાહેદ |
| ૧૦ | સવિતાબેન રામસીંગભાઈ દેશમુખની જુબાની | સાહેદ |
| ૧૧ | વાનુભાઈ મંજીભાઈ બારીયાની જુબાની | સાહેદ |
| ૧૨ | શાંતીલાલ મનસુભાઈ પવારની જુબાની | તપાસ અધિકારી |

### (B.) Defence Witness : Nil

### (C.) Court Witness : Nil

## Exhibited Documents

### (A.) Prosectution Exhibit

| Exhibit No. | Description of the Exhibit | Proved by/Attested by |
|---|---|---|
| ૧૦ | અસલ ફરિયાદ | **PW-1** |
| ૧૨ | ગુનાવાળી જગ્યાનું પંચનામું | **PW-2 & 3** |

### (B.) Defence Exhibit : Nil

### (C.) Court Exhibit : Nil

## Material Object/Muddamals

| Exhibit No. | Description of the Exhibit | Proved by/Attested by |
|---|---|---|
| **Nil** | _ | _ |

તારીખ:– ૦૯.૦૩.૨૦૨૬

આહવા.

**(યાદવેન્દ્ર પ્રણવીરસિંહ યાદવ)**
જ્યુડી. મેજી. ફર્સ્ટ કલાસ,
આહવા.
(UI Code: GJ01729)